

## ડીસામાં શ્રી સરકારી ગોગા મહારાજના મંદિરે યજ્ઞ યોજાયો

ડીસા-પાલનપુર હાઈવે પર આવેલ હવાઈ પિલ્લર મેદાન સામેના નવિન ન્યાય સંકુલની બાજુમાં બિરાજમાન રાજરાજેશ્વર શ્રી સરકારી ગોગા મહારાજના મંદિરે શ્રાવણ વદ-૫ (નાગ પાંચમ)ને શનિવારે શ્રી સરકારી ગોગા મહારાજનો યજ્ઞ કરવામાં આવ્યો હતો. યજ્ઞની વિધિ મંદિરના પૂજારી વિજયભાઈ જોષી દ્વારા કરાવવામાં આવી હતી. જ્યારે ૧૨.૩૯ના શુભ મુહૂર્તે શ્રી ગોગા મહારાજની ધજા ચઢાવવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી ગોપાલ સેના રબારી સમાજ બનાસકાંઠા ડીસાના નરસિંહભાઈ દેસાઈ (બાઈવાડા), ગંગારામભાઈ પોપટ (વકીલ), હીનાબેન ઠક્કર (વકીલ), જીવરાજભાઈ દેસાઈ (રાણપુર), રાજુભાઈ બાર (મુડેઠા), કિરણભાઈ લોઢા (વડાવળ), બાબુભાઈ ભોંકુ (ભાસ્કર), પ્રવિણભાઈ દેસાઈ (ભાટસણ), મહેન્દ્રભાઈ દેસાઈ (ટેકરા), બળદેવભાઈ પંચાલ, કૌશલ જોષી,. બાબુભાઈ દેસાઈ (વરનોડા), રસીકભાઈ નોગોસ (ખરડોસણ) સહિત મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ હાજર રહી દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો.

# વર્ષમાં માત્ર બે વાર જ ખુલે છે શ્રી નાગણેજી માતાનું મંદિર

પાલનપુર, તા. ૧૨

પાલનપુરના નવાબે બંધાવેલુ સર્વ ધર્મ સમભાવના પ્રતિસ સમુ વર્ષમાં માત્ર બે વાર જ ખુલતા શ્રી નાગણેજી માતાના મંદિરે આજે ભાવિક ભક્તોની ભારે ભીડ જામી હતી. નાગ પાંચમના તહેવાર નિમિત્તે પાલનપુરની રાજગઢી ખાતે આવેલા કોમી એકતાના પ્રતિક સમા શ્રી નાગણેજી માતાના મંદિરનો દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જેનો ભાવિક ભક્તોએ લાભ લઈ શ્રી નાગણેજી માતાની પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. પાલનપુર નવાબની રાજપૂત રાણીના દાયજામાં શ્રી નાગણેજી માતા આવ્યા હતા. જો કે પાલનપુર નવાબે આજથી ૩૦૦ વર્ષ પૂર્વે બંધાવેલુ શ્રી નાગણેજી માતાનું મંદિર, નાગ પાંચમ અને નવરાત્રિ આઠમ સહિત વર્ષમાં માત્ર બે જ વખત જ ખુલે છે. આજે પણ નવરાત્રિ આઠમે શ્રી નાગણેજી માતાના મંદિરે થતા હવનમાં પાલનપુર નવાબના પરિવારજનો ફાળો આપી રહ્યા છે. ત્યારે પાલનપુરના રાજગઢી વિસ્તારમાં આવેલું નવાબી કાળનું શ્રી નાગણેજી માતાનું મંદિર કોમી એકતાની મિશાલ પુરી પાડી રહ્યું છે.



ચમત્કારિક શ્રી નાગણેજી માતાનું મંદિર નાગપાંચમી નિમિત્તે શ્રદ્ધાળુઓ માટે ખુલ્લું મુકાયું હતું.

# પ્રાંતિજમાંથી વધુ બે સ્વાઈન ફલુના કેસ મળ્યા

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજમાં સ્વાઈનફલુથી એક મહિલાનું મોત નિપજ્યું હતું. ત્યારે આરોગ્ય વિભાગ અન્ય બિમારીથી મોત નિપજ્યું હોવાનું કહીને નજર અંદાજ ક્યું છે ત્યારે ફરી બે સ્વાઈન ફલુના કેસ પોજેટીવ મળી આવ્યા પણ આરોગ્ય વિભાગ હજુ વધુ કેશ મળી આવવાની રાહ જોઈને બેઠું છે.

પ્રાંતિજ ખાતે સ્વામિનારાયણ સોસાયટીમાં રહેતા કૈલાસબેન કાળીદાસભાઈ ભોઈ, ઉ.વર્ષ-૫૨ નું ચાર દિવસ પહેલાજ અમદાવાદ સિવિલમાં સ્વાઈન ફલુ વિભાગમાં સ્વાઈનફલુને લઈને મહિલાનું મોત નિપજ્યું હતું અને સિવિલમાં હાજર ડૉકટરો દ્વારા મૃતક મહિલાની લાશ પણ આપવામાં આવી ન હતી અને કૈલાશબેનના પરિવારો દ્વારા અમદાવાદ ખાતે ઈલેટ્રીક સગડીમાં અગ્નીસંસ્કાર કરવા પડયા હતા. ત્યારે આ અંગેની જાણકારી પ્રાંતિજ સ્વામિનારાયણ સોસાયટીના રહીશો તથા પાડોશીઓએ આરોગ્ય ટીમને કરતા મૃતક પરિવાર પાસે અધિકારીઓ દોડી આવ્યા હતા. પણ પરિવાર પાસે કોઈ ડોકયુમેન્ટ ના હોવાથી અન્ય બિમારીથી મોત નિપજ્યું હોવાનું કહીને નજર અંદાજ કર્યું હતું અને આરોગ્ય વિભાગ ટીમ દ્વારા



આજુબાજુમાં કોઈ દવા કે પાણીનાં નમૂના કે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી ન હતી ત્યારે એજ સોસાયટીમાં મૃતક કૈલાસબેનની પાસેના મકાનમાં બીજા બે સ્વાઈન ફલુના બે કેસો પતિ- પત્ની સોની કમલેશકુમાર બાબુલાલ ઉ. વર્ષ-૪૨ તથા સોની ગુણવત્તીબેન કમલેશભાઈ ઉ. વર્ષ-૪૦ પોજેટીવ મળી આવતા પહેલા હિંમતનગર અને વધુ સારવાર અર્થે અમદાવાદ શાહીબાગ ખાતે આવેલ યોગીરાજ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે ત્યારે હજુ આરોગ્ય વિભાગ દ્વારા નજરઅંદાજ કરવામાં આવે છે અને વધુ કેસો બનશે તેની રાહ જોવામાં આવશે એ તો હવે જોવાનું રહ્યું ત્યારે હાલ તો આ સોસાયટીના રહીશોમાં સ્વાઈન ફુલને લઈને ભયનો માહોલ ફેલાયો છે.



## પ્રાંતિજમાં રખડતી ગાયો પાંજરે પુરાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં રખડતી ગાયોનો ત્રાસ વધતા પાલિકામાં રજુઆતો થતા નગરપાલિકાએ રખડતી ગાયોને પાંજળે પુરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પ્રાંતિજ ત્રણ રસ્તાથી રેલ્વે સ્ટેશન વિસ્તાર સહિત બજારચોક, ભાંખરીયા વિસ્તારોમાં છેલ્લા કેટલાય સમયથી રખડતી ગાયોનો ત્રાસ વધ્યો હતો અને રોડ વચ્ચે કે બજારમાં ગાયો અડીંગો જમાવી દેતાં શાળાએ જતા આવતા બાળકો સહિત બજારમાં ખરીદી કરવા આવતા ગ્રાહકોને ગાયો રોડની વચ્ચે બેસી જતા વારે ઘડીએ ટ્રાફિકજામની સમસ્યા સર્જાતી હોવાથી નગરજનોની રજુઆતને લઈને પાલિકા દ્વારા ભાંખરીયા વિસ્તાર, બજારચોક, એપ્રોચરોડ સહિતના વિસ્તારો તથા જાહેર રોડ ઉપરથી રખડતી ગાયોને પાંજરે પુરી ગાયો માલિકો પાસે કાયદેસરની કાર્યવાહી કરી હતી ને ગાયોને પાંજરાપોળમાં ખસેડવામાં આવી હતી.

## માલપુર તાલુકાના જીતપુર ગામની સગીરાનુ અપહરણ

માલપુર, તા. ૧૨

માલપુર તાલુકાના જીતપુર ગામની ૧૭ વર્ષીય સગીરાને પુજારાની મુવાડી ગામનો ભવાન સરદાર પુજારા તેની ડીસ્કવર મોટર સાયકલ નં. જીજે.૦૯.સીજે. ૮૩૪૭ લઈને સગીરા ઉપર અવારનવાર નજર રાખતો હતો. સોમવારના રોજ વહેલી સવારે પાંચ વાગે સગીરા ગામની દૂધમંડળીમાં દૂધ ભરવા માટે ગઈ હતી તે દરમ્યાન ભવાન તેની મોટર સાયકલ લઈને આવ્યો હતો અને સગીરાને લલચાવી લગ્ન કરવાની લાલચ આપીને અપહરણ કરી સગીરાને લઈ ગયો હતો. જે ઘટનાને લઈ સગીરાના પિતાએ શુક્રવારે માલપુર પોલીશ સ્ટેશને ભવાન સરદાર પુજારા રહે. પુજારાની મુવાડી, તા. માલપુર સામે સગીરાના અપહરણની ફરીયાદ નોધાવી હતી.

### ભીંજારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે.જયારે રોજબરોજ આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળી રહયો છે. જેના લીધે વાદળિયા વાતાવરણ વચ્ચે સુરજદાદા ક્યારેક ડોકિયુ કરી જાય છે. શ્રાવણના પ્રારંભ બાદ નગરમાં સરવરિયા વરસતા પલવારમાં વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળે છે. આજે પણ સવારે અચાનક જ વરસાદી વાદળો ઘેરાઈ આવતા વરસાદી ઝાપટુ પડયુ હતુ. જેના લીધે સેકટરોમાં પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. વરસાદી ઝાપટાના અંતે વાતાવરણમાં ઉકળાટ પ્રવર્તયો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૩.૨ લઘુત્તમ તાપમાન ૨૫ અને વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સવારે ૯૨ અને સાંજે ૭૫ ટકા રહયુ હતુ. સતત વાદળિયા વાતાવરણના લીધે નગરજનો બેચેની અનુભવી રહયા છે. જયારે રોગચાળાનુ જોર પણ વધી રહયુ છે.

### શહેરના સે.૬... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત સે. ૬માંથી ૪૦ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. જે હાલ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં છે.

તો સે. ૧૩માંથી એક ૩૨ વર્ષીય યુવાનને સ્વાઈન ફલુ પોઝીટીવ સોલા હોસ્પિટલના પરીક્ષણમાં જણાતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ સઘન રીતે હાથ ધરવામાં આવેલ છે. મનપાની કચેરી ખાતે સોમવારે આયુર્વૈદિક ઉકાળાનું વિતરણ પણ શરૂ કરવામાં આવેલ છે. બીજી તરફ આરોગ્ય તંત્રના સૂત્રોએ લોકોને ભીડભાડવાળા વિસ્તારોમાં જવાનું ટાળવુ જોઈએ તેમજ શરદી થઈ હોય તો મોંઢા પર રૂમાલ રાખવા પણ સલાહ આપી છે.

### દેશ હચમચ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખોરવાયો હતો પરંતુ ત્યારબાદથી ગેસ સિલિન્ડરથી પુરવઠો જારી છે. પાઈપ મારફતે સપ્લાય કરવામાં આવનાર લિક્વિડ ગેસના પ્રેશર લો હોવાના લીધે સિલિન્ડર મારફતે સપ્લાય જારી છે. ૧૦મી તારીખના દિવસે સવારે ૭.૩૦થી લઈને ૧૦.૦૦ વાગ્યા વચ્ચે સાત બાળકોના મોત થયા હતા પરંતુ આ મોત ગેસ પુરવઠાને લીધે થયા ન હતા. આમાથી કેટલાક મોત એઈએસ, ઈન્ફેક્શન, લીવર ફેઈલ થઈ જવાના કારણે થયા છે. સિદ્ધાર્થનાથે કહ્યું હતુ કે, ઉત્તર પ્રદેશની સંવેદનશીલ સરકાર છે. ગેસ પુરવઠો ખોરવાઈ જવાના મામલામાં પણ તપાસ ચાલી રહી છે. મુખ્ય સચિવના નેતૃત્વમાં એક તપાસ ટીમની રચના કરાઈ છે. જે કંઈ પણ દોષિત આવશેતેને છોડવામાં આવશે નહીં. છેલ્લા ૪૮ કલાકના ગાળામાં જ ૫૪ લોકોના મોત બાદ સામાન્ય લોકોમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. તપાસના આદેશ જારી કરવામાં આવ્યા બાદ તપાસ કરવામાં આવી રહી છે. મૃત્યુ પામેલાઓમાં ૩૬ બાળકોનો સમાવેશ થાય છે. એમ કહેવામાં આવી રહ્યુ છે કે આ તમામના મોત લિક્વિડ ઓક્સીજનના કારણે થયા છે.

### દરોડા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દરોડાની કાર્યવાહી બાદ કંપનીએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. કંપનીના અધિકારી મિનૂ વાલિયાએ કહ્યું છે કે, ઓક્સિજન કટઓફના કારણે મોત થઈ નથી. કોઈપણ વ્યક્તિ આ પ્રકારથી પુરવઠા રોકી શકે નહીં. કંપની તરફથી રજૂઆત કરવામાં આવ્યા બાદ આ સંબંધમાં ૧૦મી ઓગસ્ટના દિવસે હોસ્પિટલના એક કર્મચારી દ્વારા પણ પત્રો લખવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગના મોટા અધિકારીઓ અને મેડિકલ કોલેજના વહીવટીતંત્ર ઉપર કાર્યવાહી ક્યારે થશે તેવી માંગણી પણ કરવામાં આવી રહી છે. વાલિયાનું કહેવું છે કે, કંપનીએ સતત પેમેન્ટની ચુકવણી કરવાના સંબંધમાં સંબંધિત અધિકારીઓનો સંપર્ક કર્યો હતો પરંતુ કોઈ પ્રતિસાદ મળી રહ્યો ન હતો જેના પરિણામ સ્વરુપે ઓક્સિજન પુરવઠો બંધ કરવામાં આવ્યો હોવાની કબૂલાત કંપની દ્વારા કરવામાં આવી છે.

### ધારીસણા-નાંદોલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે કલોલ શહેરમાં તો તાલુકા આરોગ્યતંત્ર દ્વારા રિક્ષા પર માઈક લગાડી અને શહેરી વિસ્તારના લોકોને સ્વાઈન ફલુથી બચવા શું કરવું તેની સમજ આપતા સરળ ભાષામાં સંવાદનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. કલોલ તાલુકામાં સ્વાઈન ફલુ માટે પત્રિકાઓનું પણ વિતરણ પણ શરૂ કરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત હોર્ડિંગ્સ પણ એકાદ બે દિવસમાં લાગશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.

### ઉંડી તપાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આશુતોષ ટંડને કહ્યું છે કે, ગેસ સપ્લાય કરનાર ડીલરના કેટલાક સપ્લાય બાકી છે. પહેલી ઓગસ્ટના દિવસે આ સંદર્ભમાં પત્ર લખવામાં આવ્યા હતા. પાંચમી તારીખે નાણા પણ મોકલવામાં આવ્યા હતા. ૭મી તારીખના દિવસે પેમેન્ટ કોલેજના ખાતામાં આવ્યા બાદ પણ વિવાદ રહ્યો છે. ડીલરનું કહેવું છે કે, તેને પેમેન્ટ ૧૧મી તારીખના દિવસે મળ્યુંહતુ. પેમેન્ટમાં વિલંબ થવાના મામલામાં પણ તપાસ ચાલી રહી છે. રિપોર્ટ મળતાની સાથે જ દોષિતો સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. બીઆરડી મેડિકલ કોલેજના પ્રિન્સિપલને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરીને કાર્યવાહી હાથ ધરાઈ છે. નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મોર્યએ આજે કહ્યું હતું કે, બાબા રાઘવદાસ મેડિકલ કોલેજમાં જે કંઈપણ બનાવ બન્યો છે તે ચોક્કસપણે દુખદ અને પીડાજનક છે. આમા દોષિતો સામે પગલા લેવાશે. બનાવના સંદર્ભમાં ઉંડી તપાસ કરવા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પણ આદેશ કર્યો છે. કઠોર પગલાની ખાતરી પણ આપી છે.

### જાકીર મુસા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પથ્થરબાજોએ સુરક્ષા દળોને રોકવાના પ્રયાસ કર્યા હતા. સ્થાનિક પથ્થરબાજો અને લોકોએ મુસા અને તેના સાગરીતને ત્યાંથી નિકળી જવા માટે મુસાની મદદ કરવા લાગી ગયા હતા. સુરક્ષા દળોને પથ્થરબાજોએ રોક્યા હતા. કેટલાક કલાકો સુધી પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ત્રાસવાદીઓએ મોડેથી માહિતી પથ્થરબાજોને આપી હતી કે તેઓ ફરાર થઈ ગયા છે. આના કારણે પથ્થરમારો રોકી દેવામાં આવ્યો હતો. જે ઘરમાં મુસા છુપાયો હતો તે ઘરમાંથી કોઈ ગોળીબાર કરવામાં આવ્યો ન હતો. જો કે સુરક્ષા દળોએ પોતાની રીતે તમામ તૈયારી રાખી હતી. ત્રાસવાદી ઘરમાંથી ભાગી જવામાં સફળ રહ્યા હોત તો તેમને અન્યત્ર જગ્યાએ ઘરી લેવા માટેની તૈયારી હતી. પોલીસે કહ્યુ છે કે નુરપુરામાં ઘેરાબંધી જારી રહેવાની જરૂર છે. મુસાએ હિજબુલ સાથે સંબંધ તોડી દઈને અલ કાયદા સાથે વચ્ચે હાથ મિલાવ્યા હતા.

### મોરપીંચના રંગ ● ૪ પાનાનું ચાલુ...

શિબિરોમાં લોકો હજારો / લાખો રૂપિયા ભરીને “ જીવન જીવવાની કલા “ શીખવા જાય છે. જીવન આપણું છે. આપણા જીવનની તમામ પરિસ્થિતિઓ ખુદ આપણે ઊભી કરતા હોઈએ છીએ. અને છતાંય કોઈ આપણને “ જીવન કેમ જીવવું “ એ શીખવે એ કેવું કહેવાય ? આપણા જીવનના ઘડવૈયા આપણે જ છીએ. આમ છતાંય આજે રૂપિયા ખર્ચીને જીવન જીવવાની કલા શીખવા ઘણા લોકો અહી તહી ભટક્યા કરે છે. આનાથી મોટી બીજી કંઈ કરુણતા આપણી હોઈ શકે ? જે કલા આપણને ઈશ્વરે આપણી અંદર જ આપી છે એને આપણે બહાર બીજાની પાસે શોધીએ છીએ. સમય પ્રમાણે આપણે આપણો સ્વભાવ જો બદલી શકીએ, વિચારસરણી જો બદલી શકીએ, આપણી માન્યતાઓ બદલી શકીએ તો આપણે કદીયે આર્ટ ઓફ લિવિંગની શિબિરો કરવાની જરૂર નથી. જીવનને અઘરું કે સરલ આપણે જ બનાવીએ છીએ. સુખ અને દુઃખ આપણા મનની અવસ્થા જ છે. જો આ અવસ્થાને આપણે ઓળખી જઈએ તો આપણું જીવન પણ કલામય બની શકે છે. અને આ સત્ય કલાકાર સારી રીતે સમજી શકતો હોવાથી મોટેભાગે કોઈપણ કલાકારને આર્ટ ઓફ લિવિંગ કરવાની જરૂર હોતી નથી. કીવન એ પણ એક કલા જ છે. જીવનને સારી રીતે જીવવું, સરળતાથી જીવવું એ વિશેષ કલા છે. અને દરેક કલાકાર આ સત્ય સ્વીકારીને જીવનની તમામ પરિસ્થિતિને કલામય બનાવીને જીવે છે. અને એટલે કલાકાર સમાજના બીજા લોકો કરતા આપણને અલગ લાગે છે. —અસ્તુ

- 9426060601.india@gmail.com

### રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

થયો હોય એવું કોઈ છાતી ઠોકીને કહી શકે એમ છે નહિ. ભારત ઝડપથી વિકસતા દેશોમાં અગ્રસ્થાને છે એની ના નહિ પણ સાથે સાથે એ પણ કડવી હકીકત છે કે આખા વિશ્વમાં જેટલી ગરીબી છે એનો ત્રીજો ભાગ ભારતમાં છે. ૨૦૧૦ના વર્લ્ડ બેંક રીપોર્ટ મુજબ અંદાજે ૩૫% વસ્તી ગરીબી રેખાની નીચે જીવતી હતી.ગરીબી શરૂઆતથી જ ભારતની સમસ્યા રહી છે અને અફસોસ કે ૭૦ વર્ષો પછી પણ એમાં ખાસ કઈ સુધારો નથી આવ્યો અથવા તો આવ્યો છે તો એ ખાસ નોંધપાત્ર નથી જ. આવું જ કઈક ભૂખમરાથી થતા મોતો માટે પણ કહી શકાય. કુપોષણ અને ભૂખમરાથી ત્રસ્ત લોકોની સંખ્યા પણ બીજા દેશો કરતા વધુ છે. આવું જ વિશ્વના બીજા દેશોની સરખામણીએ ભારતમાં શિક્ષા માટે પણ કહી શકાય.સાક્ષરતા દર વધારવાની વર્ષોથી કોશિશો થઈ રહી છે, લગભગ બધી જ સરકારોએ એના માટે ખાસ ઝુંબેશો ચલાવી છે અને હજુ પણ ચાલે છે પણ કડવી હકીકત એ છે કે હજુ આજે પણ દેશની વસ્તીનો મોટો ભાગ અશિક્ષિત છે. આવું જ બેરોજગારી અને આતંકવાદની સમસ્યા વિષે પણ કહી શકાય. સરકારો પોતાની રીતે આ બધા સવાલોનો હલ શોધવાની કોશિશો કરતી રહેતી હોય છે એની ના નહિ પણ સ્વતંત્રતા જે હેતુ અને મકસદથી મેળવેલી એનો સાચો અર્થ એકબાજુ રહીને આજે પણ દેશ આવી સમસ્યાઓથી ઉપર આવવા ઝઝૂમી રહ્યો છે ત્યારે જે દિવસે આવી મૂળભૂત સમસ્યાઓથી છુટકારો મળશે ત્યારે જ સાચી સ્વતંત્રતા અને સ્વાન્તાર્તાનો સાચો અર્થ સમજાશે અથવા તો અનુભવાશે...! સ્વાતંત્ર્યદિવસ ની શુભકામનાઓ..!

